# BUSINESS મિત્ર

બીજા ક્વાર્ટરમાં પોઝિટિવ સ્ટાર્ટ : રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.5 લાખ કરોડનો વધારો

# નિફ્ટી 24,000 પાર, સેન્સેક્સ 444 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 1:** નાણાકીય વર્ષ 2027ના બીજા ક્વાર્ટરમાં ભારતીય શેરબજાર પોઝિટિવ જોવાયું હતું. બે દિવસના ઘટાડા બાદ આજે જુલાઇ સીરિઝનાના પ્રથમ સપ્તાહમાં સેન્સેક્સ વધ્યો હતો, જેમાં ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 600 પોઇન્ટથી ઉછળ્યો હતો. જ્યારે નિફ્ટી 24000ની સપાટી કુદાવી હતી. બ્રોડર લેવલ પર સારૂં વાતાવરણ જોવાયું હતું.

ભારતનો એચએસબીસી મેન્યુફેકચરીંગ પીએમઆઇ મે મહિનામાં 55થી ઘટીને જુનમાં 54.2 થયો છે. આમ, મેન્યુફેકચરીંગ પીએમઆઇ ઘટ્યો હતો. સેકટર વાઇઝ જોઇએ તો ઓટો, એફએમસીજી અને રિયલ્ટી સેકટરનો ટેકો મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટીમાં 3 ટકાથી વધુ, નિફ્ટી એફએમસીજીમાં 2 ટકાથી વધુ અને નિફ્ટી ઓટોમાં એક ટકાથી વધુનો ઉચાળો જોવા મળ્યો છે. જોકે, આઇટી સેકટરે બજાર પર દબાણ લાવવા માટે સખત પ્રયાસ કર્યો હતો. જેના લીધે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં રૂ. અઢી લાખ કરોડથી વધુનો વધારો થયો છે. જેના લીધે માર્કેટ કેપ રૂ. 476 લાખ કરોડ પર પહોંચ્યો છે.

બીએસઇ સેન્સેક્સ 443.97 પોઇન્ટ એટલે કે 0.58 ટકા વધીને 76922.64 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 777110 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76538 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 140.10 પોઇન્ટ એટલે કે 0.59 ટકા વધીને 24000 પોઇન્ટની સપાટી કુદાવીને 24005.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24049 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23895 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 490.15 પોઇન્ટ એટલે કે 0.85 ટકા વધીને 58000 પોઇન્ટની સપાટી કુદાવીને 58033.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે રાઇટસ લિ.માં 26.29 ગણા, જયુબીલન્ટ ઇન્ગ્રીવામાં 16.49 ગણા, આરએચઆઇ મેગ્નેસીતામાં 14.71 ગણા, કપીટ ટેકનોમાં 13 ગણા અને ડીસીએમ શ્રીરામમાં 11.61 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે રાઇટસ લિ.માં 176.89 ગણા, આરએચઆઇ મેગ્નેસીતામાં 56.69 ગણા, , કપીટ ટેકનોમાં 11.56 ગણા, રિલાયન્સ પાવરમાં 9.48 ગણા અને ડીસીએમ શ્રીરામમાં 9.32 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. ફ્રન્ટલાઇન ઇન્ડેક્સ નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.29 ટકા સુધારો જોવાયો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.19 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા છે. બીએસઇ ખાતે 2273 શેરો વધ્યા હતા, જ્યારે 1998 શેરો ઘટ્યા હતા, જ્યારે 189 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 3.58 ટકા વધ્યા છે. જેમાં એબી રિયલ એસ્ટેટ, ડીએલએફ, ગોદરેજ પ્રોપર્ટીઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજેક્ટસ, લોઢા ડેવલપર્સ, ફોનિક્સ મીલ્સ, શોભા અને ઓબેરોય રિયલ્ટી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ 105 પોઇન્ટ વધતા યુએસ બજાર સકારાત્મક ખુલવાના સંકેત છે. જ્યારે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ છે, કારણ કે રોકાણકારો યુરોઝોનના મુખ્ય ફુગાવાના ડેટા અને વૈશ્વિક મધ્યસ્થ બેન્કનાવડાઓને દર્શાવતી નજીકથી જોવામાં આવેલી પેનલ ચર્ચાની રાહ જોઇ રહ્યા હતા. યુએસ-ઇરાન વાટાઘાટોની આસપાસની અનિશ્ચિતતા વચ્ચે નવા ક્વાર્ટરની શરૂઆતમાં રોકાણકારો સાવચેત હોવાથી એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. યુએસના મુખ્ય આર્થિક ડેટાની અપેક્ષા દ્વારા બજારની ભાવના પણ હળવી થઇ હતી, જોકે આગામી કમાણીની મોસમ પરના આશાવાદે નુકશાનને મર્યાદિત કરવામાં મદદ કરી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.37 ટકા અને કેક 0.60 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.40 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.92 ટકા, તાઇવાન 1.90 ટકા, જકાર્તા 0.91 ટકા અને શાંઘાઇ 0.44 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.18 ટકા, હેંગસેંગ 0.64 ટકા, કોસ્પી 2.08 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.



## રૂપિયો તૂટીને ફરીથી 95ને પાર નીકળી ગયો

કરન્સી બજારમાં આજે ડોલરમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી. રૂપિયો ફરીથી તૂટીને 95ને સ્તરને કુદાવી દીધી હતી. આજે ડોલરની સામે રૂપિયો 57 પૈસા તુટીને 95.24ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલનરી સામે રૂપિયો 94.67ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.23, પાઉન્ડ 125.32, કેનેડિયન ડોલર 67.07, ઓસ્ટ્રેલિયન ડોલર 65.72, જાપાનીઝ યેન 0.5855 અને સીંગાપોર ડોલર 73.26ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.25 રૂ. |
| યુરો | 108.23 રૂ. |
| પાઉન્ડ | 127.00 રૂ. |
| યેન | 0.5855 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 443.97 | 76922.64 |
| નિફ્ટી | 140.10 | 24005.85 |
| બેન્ક નિફ્ટી | 490.15 | 58032.05 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.71 | 279.70 |
| અદાણી એન્ટર | 3.54 | 3143.60 |
| નેસલે ઇન્ડિયા | 3.46 | 1453.80 |
| એશિયન પેઇન્ટસ | 3.06 | 2716.40 |
| એચયુએલ | 3.01 | 2182.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 3.51 | 1034.20 |
| ટેક મહિન્દ્રા | 3.03 | 1362.20 |
| ટીસીએસ | 2.41 | 1982.60 |
| હિન્દાલ્કો | 1.77 | 939.70 |
| ટાટા સ્ટીલ | 1.54 | 185.17 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.71 | 279.75 |
| એશિયન પેઇન્ટસ | 3.13 | 2720.00 |
| એચયુએલ | 3.02 | 2182.95 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.05 | 3133.00 |
| અદાણી પોર્ટસ | 1.96 | 1845.65 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.46 | 1034.90 |
| ટેક મહિન્દ્રા | 3.22 | 1360.00 |
| ટીસીએસ | 2.55 | 1982.20 |
| ટાટા સ્ટીલ | 1.59 | 185.15 |
| ઇન્ફોસીસ | 1.51 | 985.45 |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૦૦૦ |
| તેજાબી સોનું | ૧૪૫૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૭૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૦૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૨૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૪૧૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# MSME માટે સરકારનું મોટું કવચ: ECLGS હેઠળ 1 લાખ કરોડનું ધિરાણ

**પશ્ચિમ** એશિયાના તણાવથી નિકાસ અને રોકડ પ્રવાહને થયેલા નુકસાન સામે ઉદ્યોગોને મળ્યો લિક્વિડિટીનો બૂસ્ટર ડોઝ

નવી દિલ્હી, તા. 1: કેન્દ્ર સરકારે ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમ 5.0 દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો અને અન્ય ઉદ્યોગોને મધ્ય પૂર્વના સંકટથી થયેલા નુકસાનમાંથી બહાર આવવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું વિતરણ કર્યું છે.

સીઆઇઆઇના એક કાર્યક્રમમાં બોલતા ભરત ખેરાએ કહ્યું, એમએસએમઇને મુશ્કેલ સમયમાં બિનજરૂરી રીતે નુકસાન ન થાય. ખેરાએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની કટોકટીએ કેટલાક નિકાસ માલ અને રોકડ પ્રવાહને અસર કરી છે, ત્યારે સરકારે એમએસએમઇને લિક્વિડિટી અને વર્કિંગ કેપિટલ પડકારોનો સામનો કરવામાં મદદ કરવા માટે ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમ શરૂ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારે કટોકટીના કારણે ઉભી થયેલી લોજિસ્ટિક સમસ્યાઓનું સમાધાન કરવા માટે આવક અને જહાજ વિભાગના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી છે. હું માનું છું કે અમારો ઉદ્યોગ પ્રકૃતિથી ખૂબ જ મજબૂત છે અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સક્ષમ છે. કોવિડ-19નો સમય હોય કે પશ્ચિમ એશિયામાં તાજેતરની કટોકટી, તેણે પોતાને સુધારવા અને વૈકલ્પિક સ્ત્રોતો શોધવાના માર્ગો શોધી કાઢ્યા છે. સપ્લાય ચેઇનમાં આ વિક્ષેપોમાંથી શીખીને આપણું એમએસએમઈ ક્ષેત્ર વધુ મજબૂત બન્યું છે, મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સક્ષમ બન્યું છે.

મીડલ ઇસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ટૂંકા ગાળાની પ્રવાહિતાની સમસ્યાઓનો સામનો કરી રહેલા વ્યવસાયોને ટેકો આપવા માટે 5 મેના રોજ કેબિનેટ દ્વારા ECLGS 5.0ને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજનાનો હેતુ એરલાઇન સેક્ટર માટે નિર્ધારિત 5,000 કરોડ રૂપિયા સહિત 2.55 લાખ કરોડ રૂપિયા સુધીનો વધારાનો ધિરાણ પ્રવાહ પ્રદાન કરવાનો છે. આ યોજના હેઠળ, સરકાર નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ દ્વારા ધિરાણ આપતી સંસ્થાઓને પાત્ર ધિરાણ લેનારાઓને આપવામાં આવતી લોન માટે એમએસએમઇને 100 ટકા અને બિન-એમએસએમઇને 90 ટકા ક્રેડિટ ગેરંટી કવર પ્રદાન કરે છે. સંકટના સમયમાં કોઇ પણ વ્યક્તિની નોકરી ન જાય તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

# FIIsની ભારતમાં ધમાકેદાર વાપસીના સંકેત

**બ્લેકરોક** ઇન્વેસ્ટમેન્ટની મોટી ભવિષ્યવાણી

નવી દિલ્હી, તા. 1: વિદેશી રોકાણકારો ટુંકસમયમાં ભારતીય શેરબજારમાં પાછા આવી શકે છે એવે અંદાજ બ્લેકરોક ઇન્વેસ્ટમેન્ટ ઇન્સ્ટીટયુટ દ્વારા કરવામાં આવ્યો છે. સંસ્થાના ચીફ એપીએસી અને મિડલ ઇસ્ટ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ બેન પોવેલે જણાવ્યું હતું કે, ઉર્જાના ભાવમાં નરમાશ અને ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓમાં સુધારો થવાથી વૈશ્વિક રોકાણકારોની ફાળવણીમાં ફેરફાર થઇ રહ્યો છે. ભારતને આનો લાભ મળી શકે છે.પોવેલે કહ્યું કે આગામી અઠવાડિયા અને મહિનાઓમાં ભારતમાં નવું વિદેશી રોકાણ આવી શકે છે. આનું કારણ છે કે તાઇવાન અને દક્ષિણ કોરિયા જેવા એઆઇ લિંક્ડ શેરબજારોમાં જબરદસ્ત રેલી પછી, વૈશ્વિક રોકાણકારો તેમના પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરી રહ્યા છે. બ્લેકરોક હજુય પણ કુત્રિમ બુદ્ધિ વિશે હકારાત્મક છે, પરંતુ અન્યત્ર તકોની શોધમાં, તે મુલ્યાંકન માટે પસંદગીયુક્ત અભિગમ અપનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, અમને લાગે છે કે આગામી અઠવાડિયા અને મહિનાઓમાં ભારતને આનો ફાયદો થશે. તેમનું માનવું છે કે, છેલ્લા કેટલાક મહિનામાં ભારતે ત્રણ પ્રકારના દબાણનો સામનો કરવો પડ્યો છે. આમાંનું પ્રથમ ઉચ્ચ મૂલ્યાંકન છે. બીજું, મીડલ ઇસ્ટમાં તણાવને કારણે ઊર્જાના ભાવમાં વધારો થયો છે. ત્રીજું, એવી ધારણા છે કે ભારતીય બજાર એઆઇમાં રોકાણ માટેનું પ્રાથમિક બજાર નથી. પોવેલે કહ્યું કે એઆઇની સુપર બૂમ વાસ્તવિક છે. તે આગળ વધી રહ્યું છે. પરંતુ, અમે રોકાણની દ્રષ્ટિએ પસંદગીયુક્ત અને કાળજી લેવા માંગીએ છીએ. આ કારણે, અમે ઉભરતા બજારના શેરોને તટસ્થ રેટિંગમાં ડાઉનગ્રેડ કર્યા છે. તેનો અર્થ એ નથી કે આપણે મંદીવાળા છીએ. અમે અમારા બધા પૈસાનું રોકાણ કર્યું છે. પરંતુ, અમારી વ્યૂહરચના બદલવાનું કારણ છેલ્લા કેટલાક મહિનાઓમાં તાઇવાન અને કોરિયાના બજારોમાં જબરદસ્ત તેજી છે.

# ડયુટી વધતા સોનાની માગ 70 ટકા ઘટી

નવી દિલ્હી, તા. 1: દેશમાં સોનાની ચમક ઓછી થઇ રહી છે, સરકારે સોનાની આયાત ડયુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરી દીધી હતી, જેના લીધે સોનાની માગ ઘટી રહી છે.

ઉદ્યોગ આંકડા અનુસાર, આ નિર્ણય બાદ સોનાની માગમાં લગભગ 70 ટકાનો મોટો ઘટાડો થયો છે. અગાઉ મે મહિનાના બીજા પખવાડિયામાં લગભગ 25 ટન સોનાની માગ હતી, પરંતુ હવે તે ઘટીને લગભગ 7.5 ટન થઇ ગઇ છે.

ડયુટી વધારાની સૌથી મોટી અસર ભાવો પર પડી છે. જીએસટી સહિતના સોના પરનો કુલ ટેક્સ બોજ હવે 18 ટકાથી વધુ થઇ ગયો છે, જે સામાન્ય ગ્રાહકોની પહોંચથી બહાર છે. અગાઉ કુલ ટેક્સ બોજ લગભગ 9 ટકા હતો. જેના કાણે લોકો નવા જવેલરી ખરીદવાનું ટાળી રહ્યા છે અને જવેલર્સના વેચાણમાં સ્પષ્ટ ઘટાડો જોવા મળી રહ્યો છે. બજારમાં લાઇટ અને લો કેરેટ જવેલરીની માગમાં થોડો વધારો થયો છે, પરંતુ એકંદરે શોપીંગનું વાતવરણ નબળું છે.

આ સમગ્ર પરિવર્તનમાં સૌથી રસપ્રદ વલણ એ છે કે લોકો હવે નવું સોનું ખરીદવાને બદલે તેમના જુના સોનુ વેચવા તરફ વધુ વલણ ધરાવે છે. એપ્રિલથી જુન 2026ની વચ્ચે, મોટી સંખ્યામાં ઘરેલું ઘરોએ તેમના જુના ઝવેરાત બજારમાં વેચ્યા છે. આનું કારણ લોકોના મનમાં ભય છે. લોકોને ડર છે કે આગામી સમયમાં સોનાના ભાવમાં ઘટાડો થઇ શકે છે, તેથી તેમને અત્યારે ઉંચા ભાવે વેચીને રોકડ એકત્ર કરવી વધુ ફાયદાકારક લાગે છે.

સરકારે આયાત ડયુટી વધારવાનો નિર્ણય આ રીતે લીધો નથી. આ પાછળનો મુખ્ય ઉદ્દેશ દેશની બહાર જતા વિદેશઇ હુંડિયામણ ભંડાર બચાવવા, રૂપિયા પરનું દબાણ ઘટાડવા અને વધતા આયાત બિલને નિયંત્રિત કરવાનો છે. ભારત વિશ્વના સૌથી મોટા સોનાના ગ્રાહકોમાંનું એક છે, તેથી આયાત પર અંકુશ લગાવવો એ સરકાર માટે જરૂરી પગલું માનવામાં આવે છે.

# એઆઇમાં પ્રવેશની જાહેરાતના પગલે રિલાયન્સ પાવરમાં ઉછાળો

મુંબઇ, તા. 1: 1લી જુલાઇએ બજાર ખુલતાની સાથે જ રિલાયન્સ પાવરના શેરોમાં ઉછાળો આવ્યો છે. આજે શેરબજાર ખુલતાની સાથે જ આર પાવરમાં 18 ટકાનો ઉછાળો જોવાયો હતો. આ ઉછાળા પાછળનું કારણ કંપનીની જાહેરાત છે. કંપનીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ-એઆઇ અને ન્યૂએજ ટેકનોલોજીમાં પ્રવેશવાની જાહેરાત કરી છે.

1લી જુલાઇએ બજાર ખુલતાની સાથે જ આર પાવરનો શેર 18.35 ટકા વધીને રૂ. 29.40ના સ્તરે બંધ રહ્યો હતો. ત્યારબાદ આ ઉછાળો ધીમો પડ્યો હતો. કંપનીએ સ્ટોક એકસચેન્જને જણાવ્યું છે કે, તે ઝડપથી વિકસી રહેલી એઆઇ અને એલાઇડ ન્યૂ એજ ટેકનોલોજીમાં પ્રવેશવાની યોજના ધરાવે છે. આ માટે કંપનીએ તેની પેટા કંપનીઓ દ્વારા કેટલાક ખાસ પગલાં લીધા છે.

આર પાવર જણાવ્યા અનુસાર આ પગલાનો હેતુ તેના બિઝનેસ ફ્રેમવર્કના ભાગરૂપે એઆઇ અને સંબંધિત તકનીકનો ઉપયોગ કરવાનો છે. આ માટે કંપનીએ તેની સબસિડીયરી કંપનીઓના ઉદ્દેશ્યમાં સુધારો કર્યો છે. આર પાવરે તેની પેટા કંપનીઓના નામ બદલવાના પ્રસ્તાવને પણ મંજુરી આપી દીધી છે. જેમાં રિલાયન્સ એઆઇ ગ્રીન પાવર પ્રા. લિ., રિલાયન્સ એઆઇ પાવર પ્રા. લિ., રિલાયન્સ એઆઇ ડેટા કન્ટ્રોલ પ્રાઇવેટ અને રિલાયન્સ એઆઇ ડેટા સી પ્રાઇવેટ લિ.નો સમાવેશ થાય છે. રિલાયન્સ પાવરના શેરમાં છેલ્લા ત્રણ મહિનામાં લગભગ 30 ટકાનો ઉછાળો આવ્યો છે. આ સમયગાળા દરમ્યાન સેન્સેક્સમાં માત્ર 5 ટકાન વધારો થયો છે.

# સરકારે નોટિફાય કરી નવી 'EPF સ્કીમ ૨૦૨૬'

**જાણો** પીએફ ફંડ, ઉપાડ અને નિયમોમાં શું બદલાયું?

નવી દિલ્હી:કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા 'એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ્સ સ્કીમ, ૨૦૨૬' સત્તાવાર રીતે નોટિફાય કરી દેવામાં આવી છે. આ નવી સ્કીમ 'કોડ ઓન સોશિયલ સિક્યોરિટી, ૨૦૨૦' અંતર્ગત લાવવામાં આવી છે, જે વર્ષ ૧૯૫૨થી ચાલતી જૂની પીએફ સ્કીમનું સ્થાન લેશે. જોકે, પીએફનું મુખ્ય માળખું પહેલા જેવું જ રહેશે, પરંતુ નવા નિયમોમાં પીએફ ફંડમાં યોગદાન, પૈસા ઉપાડવાની પ્રક્રિયા અને કમ્પ્લાયન્સમાં કેટલાંક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે.

નવી સ્કીમની મુખ્ય અને મોટી બાબતો નીચે મુજબ છે: મેમ્બરશિપ અને ઓટોમેશનજૂના સભ્યો યથાવત રહેશે: જે કર્મચારીઓ 'EPF સ્કીમ, ૧૯૫૨' હેઠળ સભ્યો હતા, તેઓ આપોઆપ આ નવી સ્કીમ ૨૦૨૬ ના સભ્યો બની જશે.

સેલેરી લિમિટ નિયમ: જે કર્મચારીઓનો પગાર નક્કી કરેલી વૈધાનિક મર્યાદા કરતાં વધુ છે, તેઓ ફરજિયાત પીએફ કવરેજની બહાર જ રહેશે, જ્યાં સુધી કંપની અને કર્મચારી બંને તેના માટે સંમતિ ન આપે.

**EPF યોગદાન અને નવી ફ્લેક્સિબિલિટી**

**૧૨% ફરજિયાત યોગદાન:** સામાન્ય નિયમ મુજબ, કંપની અને કર્મચારી બંનેએ પગારના ૧૨% ભાગનું યોગદાન પીએફમાં આપવાનું રહેશે. જો પગાર નક્કી કરેલી લિમિટ કરતાં વધુ હશે, તો ફરજિયાત યોગદાન માત્ર નક્કી કરેલી મર્યાદા સુધીના પગાર પર જ ગણાશે.

**સ્વૈચ્છિક યોગદાન :** કર્મચારીઓ ઇચ્છે તો ૧૨%થી વધુ અથવા નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ પગાર પર પણ સ્વેચ્છાએ વધુ પીએફ કપાવી શકે છે.

**નવી સુવિધા:** કર્મચારી કે કંપની ગમે ત્યારે આ વધારાનું સ્વૈચ્છિક યોગદાન ઘટાડી શકે છે અથવા બંધ કરી શકે છે, જેનાથી નિવૃત્તિના આયોજનમાં વધુ ફ્લેક્સિબિલિટી (સરળતા) મળશે.

**પૈસા ઉપાડવાના નિયમો થયા સરળ**

નવી સ્કીમમાં પૈસા ઉપાડવાના નિયમોને વધુ સરળ અને ઉદાર બનાવવામાં આવ્યા છે:

**આંશિક ઉપાડ :** બીમારી, શિક્ષણ, લગ્ન, મકાન ખરીદવા કે અન્ય કોઈ ખાસ સંજોગો માટે સભ્યો સરળતાથી પીએફમાંથી આંશિક પૈસા ઉપાડી શકશે.

**મિનિમમ બેલેન્સની શરત:** આંશિક ઉપાડ કરતી વખતે કર્મચારીના પીએફ ખાતામાં કુલ જમા રકમના ઓછામાં ઓછા ૨૫% બેલેન્સ જાળવી રાખવું ફરજિયાત રહેશે.

**સંપૂર્ણ ઉપાડ:** નિવૃત્તિ, કાયમી ધોરણે વિદેશ સ્થળાંતર કરવા અથવા વિદેશમાં નોકરી લેવા જેવા કિસ્સાઓમાં પીએફના પૂરેપૂરા પૈસા ઉપાડી શકાશે.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### રસાંજન, દારૂહરિદ્ર

હિમાલયની પહાડીઓમાં ઊગતા Berberis aristata ના મૂળ પીળા રંગના હોય છે અને દારૂ હળદર તરીકે ઓળખાય છે. એનો અર્ક રસાંજન બજારમાં છૂટક મળે છે. બાળપણથી અમારા ઘરોમાં જોયું છે. દશ ગ્રામ રસાંજન પચાસ ગ્રામ ત્રિફલા ચૂર્ણ સાથે ભેળવી લો. તેમાંથી બે ગ્રામ ચૂર્ણ 50 મીલી ઉકાળી ઠંડા કરેલા પાણીમાં રાત્રે ભીંજવી સવારે ગાળી લો. આ મિશ્રણ રોજ દિવસમાં ત્રણ વાર આંખમાં નાખો, સાંજે વધે એટલું પી જાવ. આંખનો દુખાવો, લાલાશ, સૂકાપણું, પાણી વહેવું, ખંજવાળ દૂર થઇ તેજ વધશે. વૈદરાજને જરૂર મળતાં રહો. રસવંતી સોજા, મચકોડ, મૂઢમાર, પ્રદર, પ્રમેહ, મેદવૃદ્ધિ પર ઉપયોગી છે.


## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | ૩ | | | ૨ | |
| ૬ | ૫ | ૨ | | ૭ | | | ૪ | ૯ |
| | ૪ | | ૫ | ૬ | ૨ | | ૭ | ૮ |
| ૫ | ૨ | ૯ | | ૧ | ૩ | | | ૭ |
| | ૭ | | ૯ | ૪ | | | ૬ | ૧ |
| | ૬ | | ૮ | ૨ | | ૯ | | ૩ |
| ૭ | | | ૨ | | ૬ | ૮ | ૩ | |
| ૪ | ૩ | ૫ | | ૮ | | | | ૨ |
| ૨ | | | | | | ૭ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## શબ્દગુંફન - ૭૨૩૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. ભમરો, આશક (૪)
૪. ઘોડી (૩)
૬. પૃથ્વીને વીંટળાઇ રહેલું વાયુનું આવરણ (૫)
૮. હેરાનગતિ (૪)
૧૦. વાનર (૨)
૧૨. જૈન સાધુ (૨)
૧૩. નવલું, આશ્ચર્યકારક (૩)
૧૪. પાણીનો ઘાટ (૪)
૧૬. રોજગાર (૨)
૧૭. સહાય (૩)
૧૯. ઊંડું, ગાઢ (૩)
૨૦. ઉંમર, આયુષ્ય (૪)
૨૨. કોઈક વાર, ક્યારેક (૨)
૨૩. કાગળના ટુકડા (૪)
૨૫. પશુ-પંખીમાં સ્ત્રી જાત (૨)
૨૬. ફૂદકો, તાલાવેલી (૩)
૨૭. સૂર્ય (૨)
૩૦. ક્ષણ, ઘડી (૨)
૩૨. કૃપા (૨)

**ઊભી ચાવી**

૧. મીઠું ગળ્યું (૨)
૨. દેવું, ઋણ (૩)
૩. ભૂલ (૨)
૪. પતિ (૨)
૫. સિંહની ગર્જના (૩)
૬. વાચા, બોલી (૨)
૭. વેચાણ ઉપરનું વળતર (૩)
૮. વર, ધણી (૨)
૯. ભાર, દબાણ (૩)
૧૧. આસમાની, નીલું (૩)
૧૨. અનાથ બાળક (૩)
૧૩. દોરડાં પર નાચનાર (૨)
૧૪. દરજ્જો, ઉપાધિ (૨)
૧૫. સંતોષ (૩)
૧૬. તેજવાળું, આભાવાળું (૫)
૧૮. શાહીનો ખડિયો (૩)
૧૯. લડાઈનું હથિયાર (૨)
૨૦. આજ્ઞા, મનાઈ (૨)
૨૧. પાસા ફેંકીને જોવાની ભવિષ્ય વિદ્યા (૩)
૨૩. પ્યાલો (૨)
૨૪. એક વજન (૩)
૨૫. કિનારો (૨)
૨૭. ઉપાધિ (૨)
૨૮. વિષ, ઝેર (૨)

## આજનું પંચાંગ

**તા. 02/07/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: બીજ : 09:39 પછી ત્રીજ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 11
**યોગ :** વૈધૃતિ **કરણ:** વણિજ
**નક્ષત્ર :** ઊ.ષા.: 09:28 પછી શ્રવણ,
**રાશિ :** મકર (ખ.જ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:50
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુકાળ:** બપોરે:- 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઉઘરાણીની ચિંતા હળવી થઇ શકે છે. તમારો સૌમ્ય વ્યવહાર તમને નવી તક આપશે.

**વૃષભ (બ,વ,ઉ,):** પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં સફળતા મળે. આવકનાં સાધનો વધે. તમારા વિચારો વ્યક્ત કરવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** અજ્ઞાત ભય સતાવે. કામમાં અવરોધ આવે. મિત્રો-સંતાનો સાથે મનોરંજન થાય. જીવનસાથીનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** તમારી બુદ્ધિપ્રતિભા અને વ્યવહારથી પ્રભાવ વધશે. સ્વાર્થી મિત્રો અને લોકોથી નુકસાન થઇ શકે.

**સિંહ (મ,ટ,):** નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ વધશે. અચાનક તમારા કામની કદર થાય. સમાજમાં પ્રગતિ

**કન્યા (પ,ઠ,ણ,):** પિતાની ચિંતા સતાવે. પિતાના ધંધામાં વડીલોની મદદ મળે. નવા રોકાણની યોજનામાં મદદ મળે.

**તુલા (ર,ત,):** સરકારી કાગજ, દસ્તાવેજ વગેરે બાબતે સાવધાની રાખવી સખત દોડધામ રહે.બાળકો સાથે મનોરંજન થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નવા ધંધા વેપારની શરૂઆત થઇ શકે છે. સમાજ જીવનમાં યશ મળે. મિત્રો તરફથી સહકાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોજના કામમાં રાહત રહે. ઘરમાં તાલમેળ રહે. નોકરીમાં નવી તક મળે. મોજ શોખના ખર્ચા વધે.

**મકર (ખ,જ,):** નવા તેજસ્વી હકારાત્મક વિચારોથી નવી તક ઊભી થાય. મિત્રો વગેરેનો સાથ મળશે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** માતાપિતાના આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. દાંપત્યમાં તાલમેળ ઓછો રહે. બહાર જવાનું બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** બૌદ્ધિક અને કાયદાના નિષ્ણાતોની સલાહ મળે. તમારા કામની કદરથી આર્થિક પ્રગતિ થાય.

## કોઈ પણ સાલમાં 02 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી - ધંધામાં ચડતી પડતી. નવી જવાબદારી, આધુનિક ટેકનોલોજી વગેરેથી બોજ વધે. અને નવુ શિખવા પણ મળે. સમાજમાં સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહેશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં કોઈની વાતોમાં આવવું નહીં અને સહી-સિક્કામાં સાવધાની રાખવી. વિદેશનાં કામ ધીમાં પડશે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વિલંબ થાય. ઉંમરલાયકના વિવાહ થાય, પ્રેમ વિવાહમાં ધીરજ રાખવી, નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષમાં અનુકૂળતા થાય. સંતાનોના અભ્યાસ, કેરીયર અને ઉચ્ચ શિક્ષણ તથા વિદેશ શિક્ષણ બાબતે મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. વડીલો મિત્રોની મદદ મળતી રહેશે. જૂન-જુલાઈ, સોમ,ગુરુવાર 2,11,20, 29 તારીખે નવા કામ કરતાં રહેવું સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી ફેબ્રુઆરી, મંગળ બુધવાર, 05, 08 તારીખે નવા કામ ટાળવાં. કાળો લીલો ભૂરો રંગ ઓછો વાપરવો. ચંદ્ર દેવના ઉપાય કરતા રહેવું